# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા રાગી અને મકાઈની ખેતી પધ્ધતિ તેમજ તેનું મૂલ્યવર્ધન વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયો

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત તારીખ ૧૦/૦૮/૨૦૨૩ના રોજ ગામ રેબારી તા- દેવગઢ બારીયા ખાતે **રાગી અને મકાઈની ખેતી પધ્ધતિ તેમજ તેનું મૂલ્યવર્ધન** વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયો. આ ગામમાં તાલીમની શરૂઆતમાં **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી ખેડૂતોનું સ્વાગત કર્યું અને કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા તેમજ રાગી અને મકાઈની ખેતી પધ્ધતિ અને મુખ્ય રોગ અને જીવાત નિયંત્રણ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ. એકતા પંડ્યા** દ્વારા રાગી અને મકાઈની પોષણક્ષમ બનાવટો જેવીકે મકાઈનાં ઢેબરાં, સરગવાના પાનના ઢેબરાં અને રાગીનો શીરો પ્રાયોગિક રૂપે બનાવી વિસ્તૃતમાં સમજણ આપી હતી. આ સમગ્ર પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** અને **ડૉ. એકતા પંડ્યા** દ્વારા કરવામાં આવેલ જે થકી કુલ ૪૩ ( ૧૬ ભાઈઓ અને ૨૭ મહિલાઓ) ખેડૂતોએ ભાગ લીધેલ.







